# ABSTRACT

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ - | રામસિંગભાઈ ખેમાભાઈ વણઝારા |
| કોર્સનું નામ - | એમ.ફિલ. ગુજરાતી |
| વર્ષ - | ૨૦૨૦-૨૧ |
| શીર્ષક - | બાળસાહિત્ય ક્ષેત્રે રમેશ પારેખનું પ્રદાન: એક અભ્યાસ |
| માર્ગદર્શકનું નામ - | ડૉ. પ્રશાંત પટેલ |


ગુજરાતી સાહિત્યમાં સર્વતોમુખી પ્રતિભા ધરાવતા સર્જક રમેશ પારેખ એક ઉત્તમ બાળસાહિત્યકાર છે. એમનું આ ક્ષેત્રમાં પ્રદાન વિપુલ ભલે નથી, પરંતુ ગુણવત્તાની દૃષ્ટિએ જોવામાં આવે તો તેમને ગુજરાતી બાળસાહિત્યના સીમાસ્તંભ સમાન કહી શકાય. એમનું બાળસાહિત્યની કેફિયતો અને અવલોકનોના આધારે તારણો તારવવાનો પ્રયાસ છે. ગુજરાતી બાળસાહિત્ય એટલે બાળકો માટેનું સાહિત્ય. બાળકોને મજા આવે તેવું સાહિત્ય આ સાહિત્યના ઘણા સ્વરૂપો વિકાસ થયેલો જોવા મળે છે. જેમાં બાળવાર્તા, બાળકાવ્ય, જોડકણાં, ઉખાણાં, બાળનવલકથા વગેરે જેવા સ્વરૂપો છે.

આપણે જોયું કે કવિવર રમેશ પારેખના બાળસાહિત્યમાં એક વાર્તા બે થી ત્રણ વખત આવી ગઈ છે. જેનું કથાવસ્તુ સરખું જ હોય છે. આધુનિક ટેકનોલોજીનો પણ ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. જેના કારણે બાળકો મોબાઈલ, લેપટોપનો વધુ ઉપયોગ કરી રહ્યાં છે. હાલથી પરિસ્થિતિને ધ્યાને લઈએ અત્યારે ઓનલાઈન શિક્ષણ થઈ ગયું છે. જેનાં કારણે બાળકો ઘરે બેઠાં શિક્ષણ પર ધ્યાન આપતાં નથી. જેના લીધે શિક્ષણ નબળું પડી ગયું છે. બાળકો ઘરે બેઠાં વાંચન કરતાં નથી.

બાળકોને મોબાઈલમાં ગેમ રમવી, કમ્પ્યૂટર પર ચિત્રો બનાવવા આ બધું વધારે ગમવા લાગ્યું છે. ટેકનોલોજી તરફ આકર્ષણ વધી રહ્યું છે. બાલકોને પુસ્તકો વાંચવા ઓછાં ગમતા હોય છે. આપણે પહેલાં દાદા-દાદી, નાના-નાની પાસેથી વાર્તાઓ, ગીત, હાલરડાં સાંભળતા હતા. ગમતાં પણ હતા. જેઓ આપણને તેમાંથી બોધ આપવા માંગતા હતા. બાળકોને આ બધી વસ્તુની નહિં પરંતુ મનોરંજનની સાથે-સાથે સંસ્કાર, જ્ઞાન, વિવેક અને વર્તન આ તેમનામાં હોવું જરૂરી છે. પુસ્તક સાથે પ્રેમ કરતાં શીખવવું તો જ તે સારું બાળક બની શકશે. અત્યારે થોડાં ઘણાં અંશે કેટલીક શાળામાં બાળવાર્તા, કવિતા, જોડકણાં કહેવામાં આવે છે. અત્યારનું શિક્ષણ એ ખર્ચાળ થઈ ગયું છે. પહેલાં કહેવાતું હતું કે ભાર વગરનું ભણતર અત્યારે ભારવાળું થઈ રહ્યું છે. બાળકોને તો આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવો ગમે છે. સાથે-સાથે વૃદ્ધ માણસોને પણ આધુનિક ટેકનોલોજી તરફ આગળ વધી રહ્યાં છે. જેથી બાળકનાં મગજનો વિકાસ થતો હોય છે પરંતુ સાથે-સાથે તેની આંખો પણ બગડતી હોય છે. કેટલાંક ફાયદાની સાથે-સાથે નુકશાન પણ ઘણું છે.